**GJAN120006842025**

सत्यमेव जयते

દાખલ તારીખ :- **૧૮/૧૦/૨૦૨૫**

રજીસ્ટર તારીખ :- **૧૮/૧૦/૨૦૨૫**

નિકાલ તારીખ :- **૦૭/૦૩/૨૦૨૬**

વીતેલો સમય :- **વર્ષ માસ દિન**

**આંક-........**

**<u>ફોર્મ - એ</u>**

| | |
|---|---|
| **આણંદ જીલ્લાના મહે. સ્પેશ્યલ જજ (પોક્સો ) સાહેબની અદાલતમાં,**<br>**મુ.પેટલાદ, જી.આણંદ.**<br>**(જજમેન્ટ આપ્યાની તારીખ ૦૭/૦૩/૨૦૨૬)**<br>**( સ્પે.કેસ(પોક્સો) નં. ૧૩/૨૦૨૫)**<br>**પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૪૪૨/૨૦૨૫**<br>**(ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૬૫(૧), ૬૪(૨)એમ તથા પોક્સો એકટની કલમ-૪(૨), ૫(જે)(૨), ૫(એલ) મુજબ.)** | |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | વિ.એડી.પી.પી.શ્રી. જે.એચ.રાઠોડ |
| આરોપી | આકાશ લાલાભાઈ દેવીપુજક (વાઘરી).<br>રહે.પેટલાદ, સરકારી હાઉસીંગ મકાન,<br>તા.પેટલાદ, જી.આણંદ. |

| | |
|---|---|
| | હાલ રહે.જામનગર, નાનકપુરી, તા.જી.જામનગર. |
| આરોપીપક્ષ તરફે | વિ.વ.શ્રી કે.ડી.મકવાણા |

**<u>ફોર્મ – બી</u>**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૦૧/૦૩/૨૦૨૫ થી ૧૭/૦૮/૨૦૨૫ દરમ્યાન |
| એફ.આઈ.આર. ની તારીખ | ૨૧/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૧૦/૨૦૨૫ |
| તહોતમનામું ઘડયાની તારીખ | ૨૪/૧૨/૨૦૨૫ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૨૧/૦૧/૨૦૨૬ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

**<u>આરોપીની વિગત</u>**

| આરોપીની સંખ્યા | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય બી.એન.એસએસ. ની કલમ –૪૬૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | આકાશ લાલાભાઈ દેવીપુજક (વાઘરી). | ૨૩/૦૮/૨૦૨૫ | | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૬૫(૧), | નિર્દોષ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(જે)(૨), ૫(એલ) મુજબ. | | | |

**<u>ફોર્મ – સી</u>**

**<u>એ– ફરીયાદપક્ષના સાક્ષી :–</u>**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | ડો.યુકતાકોર કુલદીપસીંગ દડીયાલા | મેડીકલ ઓફીસર/ એસ.એસ.હોસ્પીટલ, પેટલાદ | ૭ |
| PW2 | ડો.હિનલ રમેશભાઈ વાઘેલા | ગાયનેક–આસીસ્ટન્ટ પ્રોફેસર/ એસ.એસ.જી.હોસ્પીટલ, વડોદરા | ૧૩ |
| PW3 | ભોગ બનનારના માતા | ફરીયાદી/ ભોગ બનનારના માતા | ૨૧ |
| PW4 | ભોગ બનનાર | ભોગ બનનાર | ૨૩ |
| PW5 | ડો.સંકેત જયંતકુમાર સેવક | મેડીકલ ઓફીસર/ એસ.એસ.હોસ્પીટલ, પેટલાદ | ૨૫ |
| PW6 | અશોકભાઈ વાલજીભાઈ પરમાર | ત.ક.અમલદાર/ પોલીસ સાહેદ | ૩૮ |

**<u>બી– આરોપીપક્ષના સાક્ષી :–</u>**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

**<u>સી– કોર્ટ તરફેના સાક્ષી :–</u>**

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| CW1 | – | – | – |

**<u>એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–</u>**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| | ૮ | આરોપીની શારીરીક તપાસણી કરવા માટેની યાદી |
| 1 | ૯ | આરોપીનું સંમતી પત્રક |
| 2 | ૧૦ | આરોપીનું મેડીકલ સર્ટી. |
| 3 | ૧૧ | આરોપીના નમુના એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ તે અંગેનો ફોરવર્ડીંગ પત્ર |
| 4 | ૧૪ | ભોગ બનનારની શારીરીક તપાસણી કરવા માટેની યાદી |
| 5 | ૧૫ | ભોગ બનનારનું એમ.એલ.સી. સર્ટી. |
| 6 | ૧૬ | રીફર સ્લીપ/મેમો |
| 7 | ૧૭,૧૮ | ભોગ બનનારના કેસ પેપર્સ |
| 8 | ૧૯ | ભોગ બનનારનો સોનોગ્રાફી રીપોર્ટ |
| 9 | ૨૦ | ફેટલ થયાની ચિઠ્ઠી |
| 10 | ૨૨ | ફરીયાદ |
| 11 | ૨૪ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| 12 | ૨૬ | ભોગ બનનારની શારીરીક તપાસણી કરવા માટેની યાદી |
| 13 | ૨૭ | ભોગ બનનારનું મેડીકલ સર્ટી. તથા રીફર મેમો |
| 14 | ૨૮ | ભોગ બનનારના નમુના તેમજ રીફર પત્ર અંગે ટેલીફોન વર્ધીનો ફોરવર્ડીંગ લેટર |
| 15 | ૨૯ | આરોપીનો બોર્નએજ રીપોર્ટ |
| 16 | ૩૦ | રીફર મેમો |
| 17 | ૩૧ | આરોપીનો એકસ–રે રીપોર્ટ |
| 18 | ૩૨ | આરોપીના કેસ પેપર્સ |
| 19 | ૩૩ | આરોપીનો ઓસીફીકેશનનો રીપોર્ટ |
| 20 | ૩૪ | ભોગ બનનારનું જન્મપ્રમાણપત્ર |
| 21 | ૩૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

| | | |
|---|---|---|
| 22 | ૩૬ | ભોગબનનારની શરીર સ્થિતીનું પંચનામું |
| 23 | ૩૭ | આરોપી ની શરીર સ્થિતીનું પંચનામું |
| 24 | ૩૯ | સદર ગુના અંગેની ઓનલાઈન સ્ટેશન ડાયરીની નકલ |
| 25 | ૪૦,૪૧ ,૪૨ | બી.એન.એસ.એસ. ની કલમ–૬૩(૪)(સી) નું પ્રમાણપત્ર તેમજ હેઝવેલ્યુ રીપોર્ટ |
| 26 | ૪૩ | ટેલીફોન વર્ધી |
| 27 | ૪૪,૪૫ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી |
| 28 | ૪૬ થી ૫૩ સુધી | રવાનગી પત્રક |
| 29 | ૫૪,૫૫ | સરકારી પંચો ફાળવવા કરેલ યાદી |
| 30 | ૫૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| 31 | ૫૭,૫૮ ,૫૯ | મુદદામાલ મળ્યા અંગેની પહોંચ |
| 32 | ૬૦,૬૧ | ડી.એન.એ. રીપોટ |
| 33 | ૬૨ | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ પત્ર તથા એફ.એસ.એલ. નો બાયોલોજી તેમજ સીરોલોજી રીપોર્ટ |

**<u>બી– આરોપીપક્ષના સાક્ષી :–</u>**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**<u>સી– કોર્ટ તરફેના સાક્ષી :–</u>**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**<u>ડી– મહત્વની વસ્તુઓ :–</u>**

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**-: જજમેન્ટ :-**

(૧) આ કામના આરોપી ઉપર બી.એન.એસ.કલમ-**૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ-૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબના ગુના સબબનું તહોમત **આંક -૪ થી** ફરમાવેલુ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ દરમ્યાન મોજે પેટલાદ, સરકારી દવાખાના પાછળ, સરકારી આવાસમાં તથા આવાસના અગાસી ઉપર આ કામના ફરીયાદીશ્રીની સગીર વયની ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૩ વર્ષ ૦૮ મહિના ૧૧ દિવસ (જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ ) છે, તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી વારંવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરી ગર્ભવતી બનાવીને ગંભીર ગુનો કરેલ હોઈ, આ બાબતે ફરીયાદી ધ્વારા પો.સ્ટે. માં ફરીયાદ આપવામાં આવતા સદર ફરીયાદ **પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૪૪૨/૨૦૨૫ થી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ -૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રી નાઓએ તપાસ કરતા હાલના કામના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપી વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ અત્રેની સ્પેશ્યલ કોર્ટ પોકસો પેટલાદમાં રજુ કરેલું.

(૩) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેને પોલીસ તપાસનાં કાગળોની નકલ મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ-૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબના ગુનાઓ દર્શાવતું તહોમતનામું **આંક-૪** થી ફરમાવવામાં આવેલ તથા **આંક-૫ થી** આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તહોમતનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા

આરોપી સામેનો હાથ પરનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલો.

**<u>કલોઝીંગ પુરશીશ અને આરોપીનુ વિશેષ નિવેદન</u>**

(૪) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ–સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ત્યાર બાદ વિ.સરકારી વકીલશ્રીએ **આંક–૬૩** થી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરશીસ **તા.૧૮/૦૨/૨૦૨૬**ના રોજ આપેલી છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવ તરફે આરોપી ધ્વારા કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલો નથી. વિશેષમાં જણાવેલ છે કે, કહેવાતો કોઈ ગુનો કરેલ નથી તથા શં કાને આધારે ખોટી ફરીયાદ કરી ખોટી રીતે અટક કરી દીધેલ હોવાથી તેઓને નિર્દોષ છોડી ઠરાવી મુકવા વિનંતી કરેલ છે.

**<u>દલીલો</u>**

(૫) ત્યાર બાદ બંને પક્ષના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઓની લંબાણપુર્વક મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દલીલો :–**

હાલના કામે વિ. સરકારી વકીલશ્રી ધ્વારા મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, આ કામના ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી, જે હકીકત પુરવાર કરવા માટે ભોગ બનનારનો જન્મનો દાખલો રજુ થયેલ છે અને તે ધ્યાને લેતાં ભોગ બનનારની જન્મ તા. **૧૦/૧૨/૨૦૧૧** ની હોવાનું પુરવાર થયેલ છે. આમ બનાવ સમયે ભોગ બનનારની **ઉંમર ૧૩ વર્ષ ૦૮ મહિના ૧૧ દિવસની** એટલે કે સગીર વયની હોવાનું નિ:શંકપણે ફલીત થાય છે તથા આરોપી ભોગ

બનનાર સગીર વયની હોવાનું જાણવા છતાં ભોગ બનનાર સાથે તેણીની મરજી વિરુધ્ધ વારંવાર શરીર સંભોગ/બળાત્કાર કરી ભોગ બનનાર ઉપર જાતીય તેમજ પ્રવેશ જાતીય હુમલો કરીને ભોગ બનનારને ગર્ભવતી બનાવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા જણાય આવે છે. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે સાબિત કરી શકેલ હોય આરોપીને સખતમાં સખત સજા કરવા માટે જણાવેલ છે.

**આરોપીપક્ષ તરફે રજુ થયેલ દલીલો :–**

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી. ધ્વારા તેમની મૌખીક દલીલોમાં જણાવેલ છે કે, ભોગ બનનારના માતા એટલે કે હાલના કામના ફરીયાદીએ પોતાના પુરાવામાં ભોગ બનનાર દિકરીએ તેમને કોઈ ઈસમનું નામ જણાવેલ ન હતું તથા તેઓ આ કામના આરોપીને ઓળખતા ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ ફરીયાદમાં પોલીસે શું લખેલ તે તેમને વાંચી સંભળાવેલ નહિ, જે હકીકત ધ્યાને રાખતા પણ આંક–૨૨ થી રજુ થયેલ ફરીયાદ હકીકતો નિ:શંકપણે માની શકાય નહિ. વધુમાં તેમની દલીલમાં જણાવેલ છે કે ભોગ બનનારે જાતે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં આ કામના આરોપીએ તેણી સાથે શારીરીક સંબધ બાંધેલ ન હોવાની કે કોઈ જબરજસ્તી કે ધમકી આપેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં દલીલ કરી જણાવે છે કે ભોગ બનનારની શારીરીક તપાસણી કરનાર ડોકટરશ્રીનો પુરાવો ધ્યાને લેતા ભોગ બનનારના શરીરના ગુપ્ત ભાગે તપાસ કરતા કોઈ ઈજાના નિશાન જોવા મળેલ ન હતા. આમ મેડીકલ પુરાવા થકી પણ આરોપીએ ભોગ બનનારને કોઈ ઈજા પહોંચાડેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપ મુજબનો કેસ પુરવાર

કરવામાં નિષ્ફળ નીવડેલ હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદદા નં. ૦૧,** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા ?

**મુદદા નં.૦૨,** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ દરમ્યાન મોજે પેટલાદ, સરકારી દવાખાના પાછળ, સરકારી આવાસમાં તથા આવાસના અગાસી ઉપર આ કામના ફરીયાદીશ્રીની સગીર વયની ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૩ વર્ષ ૦૮ મહિના ૧૧ દિવસ (જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧) છે, તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી વારંવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરી ગર્ભવતી બનાવી ગંભીર ગુનો કરીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ –૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદદા નં.૦૩,** શું હુકમ ?

(૭) ફરીયાદ પક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદદા નં.૧. '' હ કા ર માં, ''**

**મુદદા નં.ર. '' ન કા ર માં, ''**

**મુદદા નં.૩. આખરી હુકમ મુજબ.**

**– :: નિર્ણય માટેનાં કારણો ::–**

નામદાર સર્વોચ્ચ અદાલતના સ્ટેટ ઓફ કર્ણાટક વિરુધ્ધ પુત્તારાજા એ.આઈ.આર. ર૦૦૪ સુ.કો. પાના નં.૪૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, ''બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારનું નામ જજમેન્ટમાં લખવું જોઈએ નહીં.'' જેથી આ સિધ્ધાંતને આધારે આ અદાલતે ભોગ–બનનારનું તથા તેણીના માતા–પિતાનું, ભાઈનું નામ આ કેસમાં આ જજમેન્ટમાં કોઈ જગ્યાએ જણાવેલ નથી. વધુમાં આ કેસની ગુણદોષ ઉપર ચર્ચા કરતા અગાઉ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ કલમ–૬૫(૧), ૬૪(ર)એમ તથા પોકસો એકટની કલમ–૪(ર), ૫(જે)(ર), ૫(એલ) ની** જોગવાઈઓ ધ્યાને લેવી અત્યંત જરુરી છે, જેથી સદરહું કલમોની જોગવાઈ વંચાણે લેવામાં આવેલ છે.

**મુદદા નંબર–૧ :–**

ફરીયાદપક્ષ તરફથી સૌ પ્રથમ ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હોવાની હકીકત પુરવાર કરવી જરુરી છે. નામ. સુપ્રિમ કોર્ટ ધ્વારા અનુપસિંહ વિ. સ્ટેટ ઓફ યુ.પી. ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ભોગ બનનારની ઉંમર નકકી કરતી વખતે જુવેનાઈલ જસ્ટીસ એકટની જોગવાઈ ધ્યાને લેવી જોઈએ. જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ ૯૪ વંચાણે લેતા તે નીચે મુજબ છે.

**જુવેનાઈલ જસ્ટીસ એકટની કલમ ૯૪ :**

(1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before

it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be,

without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining ––

(i) the date of birth certificate from the school, or the **matriculation or equivalent certificate from the concerned examination Board, if available**; **and in the absence thereof**;

**(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat**;

**(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board**:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be

completed within fifteen days from the date of such order.

(૩) The age recorded by the Committee or the Board to be the age of person sobrought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.

**આમ, પોકસોના કેસમાં ભોગ બનનારની ઉંમર નકકી કરતી વખતે પ્રથમ ભોગ બનનારનુ બોર્ડનુ શાળા છોડયાનુ પ્રમાણપત્ર ઘ્યાને લેવુ જોઈએ તેની ગેરહાજરીમાં ભોગ બનનારનો જન્મનો દાખલો અને જન્મના દાખલાની ગેરહાજરીમાં ઓસીફીકેશન ટેસ્ટનો આધાર લઈ શકાય.**

(૮) ઉપરોકત કાયદાકીય જોગવાઈઓને ઘ્યાને રાખી હાથ પરના કેસના પુરાવાનુ મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ તરફે ફરીયાદી એટલે કે ભોગ બનનારના માતાને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેમની ભોગ બનનાર દિકરીની જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ છે અને તેણીએ ધોરણ –૫ સુધી અભ્યાસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

તેમજ ભોગ બનનાર કે જેઓને આંક–૨૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેણીએ પણ પોતાના પુરાવામાં પોતાની જન્મ તારીખ ૧૨/૧૨/૨૦૧૧ હોવાનું અને ધોરણ–૫ સુધી અભ્યાસ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

વધુમાં ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ તરફે આંક–૩૪ થી ભોગ બનનારનું જન્મ પ્રમાણપત્ર અસલ રજુ કરેલ છે, જે ઘ્યાને લેતા પણ ભોગ બનનારની જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ ની હોવાનું અને સદર જન્મની નોંધણી તા. ૧૨/૧૨/૨૦૧૧ ના રોજ નોંધણી ક્રમાંક નં.૨૪૧૨ થી કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે.

આમ ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી એટલે કે ભોગ બનનારના માતા તેમજ ભોગ બનનાર અને આંક–૩૪ થી રજુ થયેલ જન્મના પ્રમાણપત્ર થકી ભોગ બનનારની જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ ની હોવાનું સ્પષ્ટપણેપુરવાર થતું હોઈ, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હોવાનું ફરીયાપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોવાથી મુદદા નં.૧ નો જવાબ '' **હકારમાં** '' આપવામાં આવે છે.

**<u>મુદદા નં.૨ :–</u>**

**<u>ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાની ચર્ચા નીચે મુજબ છે.</u>**

**<u>ભોગ બનનારના પિતા/ફરીયાદીનો પુરાવો :–</u>**

(૯) સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૩ થી ફરીયાદી એટલે કે ભોગ બનનારના માતાને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે** અને તેઓ ધ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ભોગ બનનાર તેમની મોટી દિકરી છે અને તેમની ભોગ બનનારની જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ ની છે. વધુમાં જણાવે છે કે ભોગ બનનાર દિકરી તેઓની માતાના ઘરે છેલ્લા એકાદ વર્ષથી રહે છે અને ફરીયાદના ચારેક દિવસ પહેલા તેમના ઘરે આવેલ અને તેઓએ ભોગ બનનાર દિકરીના ખંબર અંતર પુછતા તેણીએ જણાવેલ કે તેણીને ઘણા સમયથી માસીક આવતું નથી, જેથી તેઓ ભોગ બનનાર દિકરીને પેટલાદ ખાતે સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલ અને ડોકટરે તપાસ કરતા તેણીને ગર્ભ રહી ગયેલ હોવાનું જણાવેલ, જેથી તેઓએ ભોગ બનનાર દિકરીને ગર્ભ વિશે પુછતા તેણીએ જણાવેલ કે તેણી ઉત્તરાયણ ઉપર નાનીના ઘરે ગયેલ હતી ત્યારે એક છોકરો તેણીને અવાર નવાર મળવા આવતો અને વાતચીત કરતો હતો અને તેણીને તેની સાથે પ્રેમ સંબધ બંધાયેલ તેમજ તે તેણીને મળવા માટે ધાબા ઉપર બોલાવેલ અને તેણી તેને મળવા માટે બપોરે બે વાગે ધાબા ઉપર ગયેલ હતી

અને તે વખતે છોકરાએ તેણીને બાથમાં પકડીને બળજબરીપુર્વક શરીર સંબધ બાંધેલો અને કહેલ કે આ વાત કોઈને કહીશ નહિ અને ત્યાર બાદ તેણી નીચે આવી ગયેલ અને આ વાતો કોઈને જણાવેલ નહિ તેમજ ત્યાર બાદ છોકરો અવાર નવાર તેણીના નાનીમના ઘરે તથા ધાબા ઉપર તેણી સાથે શરીર સંબધ બાંધેલ હતો. જેથી તેઓએ પેટલાદ ટાઉન પો.સ્ટે. માં ફરીયાદ આપેલ, જે ફરીયાદ આંક–રર થી રજુ છે. વધુમાં જણાવે છે કે તેઓ આરોપીને ઓળખી શકે નહિ.

આમ ફરીયાદી/ભોગ બનનારના માતા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–રર થી રજુ થયેલ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ ન હોવાથી તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.જી.પી. શ્રી ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ ફરીયાદપક્ષને લાભદાય થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

વધુમાં સદર સાહેદની આરોપીપક્ષના વિ.વ.શ્રી. ધ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગ બનનાર દિકરીએ તેમને કોઈ ઈસમનું નામ આપેલ ન હતું તથા તેઓ આરોપીને ઓળખતા નથી. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદમાં પોલીસે શું લખેલ તે વાંચી સંભળાવેલ ન હતું તથા પોલીસના કહેવાથી અંગુઠાનું નિશાન કરેલ.

આમ ભોગ બનનારના પિતા/ફરીયાદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ આક્ષેપીત તહોમતનામાના સમર્થનમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી. ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર પુછપરછ કરવા છતાં પણ તેઓએ પોલીસ રૂબરૂ આપેલ ફરીયાદની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં તેઓની ભોગ બનનારની

દિકરી સાથે હાલના કામના આરોપીએ બળજબરીપુર્વક શરીર સંબધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ ફરીયાદ હકીકત મુજબનો આક્ષેપીત ગુનો આરોપીએ કરેલ હોય તેવો વિશ્વસનીય, આધારભુત પુરાવો ફરીયાદી /ભોગ બનનારના માતાની જુબાની થકી રેકર્ડ ઉપર આવેલ નથી.

**ભોગ બનનાર–વિકટીમ સાહેદનો પુરાવા :–**

(૧૦) વધુમાં ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૦૪ થી ભોગ બનનારને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેણીએ ધોરણ ૫ સુધી અભ્યાસ કરેલ છે તથા તેણીની જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ છે. વધુમાં જણાવે છે કે ગઈ ઉત્તરાયણ ઉપર તેણી તેના નાનીના ઘરે રહેવા ગયેલ હતી ત્યારે એક છોકરો તેણીને અવાર નવાર મળવતા આવતો અને તેણી સાથે વાતચીત કરતો, જેથી તેણીને તેની સાથે પ્રેમ સંબધ બંધાયેલ અને તે છોકરાએ તેણીને મળવા માટે ધાબા ઉપર બોલાવેલ અને તેણી બપોરના બે વાગે ધાબા ઉપર ગયેલ અને તે વખતે છોકરાએ તેણીને બાથમાં પકડીને તેણી સાથે બળજબરીપુર્વક શરીર સંબધ બાંધેલો અને કહેલ આ વાત કોઈને કહીશ નહિ અને ત્યાર બાદ તેણી નીચે આવી ગયેલ અને આ વાત કોઈને કરેલ નહિ. વધુમાં જણાવે છે કે ત્યાર બાદ આ છોકરાએ અવાર નવાર તેણીના નાનીમાના ઘરે તથા ધાબા ઉપર તેણી સાથે શરીર સંબધ બાંધેલ. વધુમાં જણાવે છે કે તેણીએ સમાજમાં બદનામ થવાની બીકે આ વાત માતા પિતા કે અન્ય કોઈને કરેલ નહિ. વધુમાં જણાવે છે કે તેણીએ તેની માતાને જણાવેલ કે દિવસો લંબાવવાની ગોળી ખાધેલ છે અને તેથી તેણીને ચારેક માસથી માસીક બંધ થઈ ગયેલ છે અને તેથી તેણીની માતા તેણીને પેટલાદ

ખાતે સરકારી હોસ્પીટલમાં બતાવવા માટે લઈ ગયેલ અને ત્યાં ડોકટરે તેણીને ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું જણાવેલ. વધુમાં જણાવે છે કે પોલીસમાં તેણીએ કોઈ કપડાં રજુ કરેલા ન હતા કે કોઈ બનાવ જગ્યા બતાવેલ ન હતી. પોલીસ તેણીની શારીરીક તપાસણી કરવા માટે પેટલાદ સરકારી દવાખાનામાં લઈ ગયેલ અને ત્યાં તેણીએ ડોકટર સાહેબને બનાવ સબંધી કોઈ હીસ્ટ્રી આપેલ નથી. પોલીસ તેણીનું નિવેદન લેવા પેટલાદ કોર્ટમાં લઈ ગયેલા અને ત્યાં તેણીએ બનાવની સાચી હકીકત લખાવેલ હોવાનું જણાવેલ, જે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ નિવેદન આંક–૨૪ થી રજુ છે અને સદર નિવેદન જોતા તેમાં તેણીએ જણાવેલ છે કે આકાશ તેમના નાતનો છે અને જે કાંઈ થયેલ તે તેઓની રાજીખુશીથી થયેલ હોવાનું અને તેણીને બીજું કશું કહેવું ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આરોપી તેણીના મામાના ઘરની નજીક રહેતા હોવાથી ઓળખે છે.

આમ ભોગ બનનાર તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેમના પોલીસ નિવેદનની હકીકતને સમર્થન કરેલ ન હોવાથી તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ જાહેર કરવામાં આવેલ અને વિ.એ.જી.પી. શ્રી દ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ ફરીયાદપક્ષને લાભદાય થાય તેવી કોઈ હકીકતો બહાર આવેલ નથી.

સદર સાહેદની આરોપીના વિ.વ.શ્રી. દ્વારા વિસ્તૃત ઉલટ તપાસ કરેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણી જે છોકરાની વાત કરે છે તેનું નામ તેણીએ પોલીસને આપેલ નથી કે તે છોકરાએ તેણી સાથે જબરજસ્તી કરેલ હોય તેવુ તેણીએ પોલીસને જણાવેલ નથી. તેમજ તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ તેના કપડાં પોલીસમાં રજુ કરેલ નથી. વધુમાં

તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આ કામના આરોપીએ તેણી સાથે કોઈ શારીરીક સંબધ બાંધેલ નથી કે કોઈ જબરજસ્તી કરેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. તેમજ તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ ડોકટરશ્રીને કોઈ હિસ્ટ્રી લખાવેલ હોય તેવું બનેલ નથી. તેમજ તેણીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેણીએ જજ સાહેબ રૂબરૂ જે બનેલ તે હકીકત લખાવેલ છે.

આમ ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરતા ફલીત થાય છે કે આક્ષેપીત તહોમતનામાના સમર્થનમાં ભોગ બનનારે લેશમાત્ર પુરાવો આપેલ નથી તેમજ તેણીએ પોતાના પુરાવામાં બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ ના નિવેદનમાં સાચી હકીકત લખાવેલ હોવાનું જણાવેલ છે અને સદર નિવેદનમાં આકાશ તેણીની નાતનો છે અને જે કાંઈ થયેલ તે તેઓની રાજીખુશીથી થયેલ છે. તેમજ ભોગ બનનારને ઉલટ તપાસમાં આરોપીએ તેણી સાથે કોઈ શારીરીક સંબધ બાંધેલ ન હોવાનું તથા તેણી સાથે કોઈ જબરજસ્તી કરેલ હોય કે ધમકી આપેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા ફરીયાદ હકીકત મુજબનો આક્ષેપીત ગુનો આરોપીએ કરેલ હોય તેવો વિશ્વસનીય, આધારભુત પુરાવો ભોગ બનનારની જુબાની થકી રેકર્ડ ઉપર આવેલ નથી.

**ડોકટર સાહેદના પુરાવા :–**

(૧૧) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧ થી ડો. યુકતાકોર કુલદીપસીંગ દડીયાલાને આંક–૭ થી તપાસવામાં આવેલ છે** અને તેઓને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ પેટલાદ એસ.એસ.હોસ્પીટલ ખાતે તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે તા.૨૩/૮/૨૦૨૫ ના રોજ પેટલાદ ટાઉન પો.સ્ટે. ના ગુનાના કામે આરોપી નામે આકાશભાઈ લાલાભાઈ દેવીપુજક નાઓને હે.કો.

જશુભાઈ ખોડાભાઈ બ.નં.૫૧૩ નાઓ પી.આઈ.શ્રી પેટલાદ ટાઉનની યાદી સાથે તેમની સમક્ષ લાવવામાં આવેલ, જે યાદી આંક–૮ થી રજુ છે. વધુમાં જણાવે છે કે આરોપીને તેમની સમક્ષ બપોરે ૦૩–૦૦ વાગે લાવવામાં આવેલ અને આરોપીની શારીરીક તપાસણી કરતા પહેલા સમજ આપી તેમની સંમતિ મેળવેલ અને ત્યાર બાદ આરોપીના જણાવ્યા મુજબ હિસ્ટ્રી નોંધી લીધેલ અને તેમાં આરોપીની સહી મેળવેલ અને ત્યાર બાદ આરોપીની ઓળખના ચિહ્નો નોંધી લીધેલ તેમજ આરોપીની શારીરીક તપાસણી કરતા તેઓનું જનરલ પરીક્ષણ સામાન્ય હતું અને તેને બાહ્ય કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન જોવા મળેલ નહિ તથા તેમના અભિપ્રાય મુજબ આરોપી શરીર સંબધ બાંધવા માટે સક્ષમ હતો. વધુમાં તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીની શારીરીક તપાસણી દરમ્યાન નિયમ મુજબના નમુના લઈ એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ. વધુમાં તેઓએ પોતાની જુબાનીમાં આરોપીનું સંમતી પત્રક આંક–૯, આરોપીનું મેડીકલ સર્ટી. આંક–૧૦ તથા આરોપીના નુમનાઓ એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ તેનો ફોરવર્ડીંગ પત્ર આંક–૧૧ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીના શરીર ઉપર બાહ્ય કે આંતરીક ભાગે કોઈ ઈજાના નિશાન જણાય આવેલ નહિ. આ સીવાય વિશેષ કોઈ હકીકત ડોકટર સાહેદના પુરાવાથી બહાર આવેલ નથી.

(૧૨) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૨ થી ડો.હિનલ રમેશભાઈ વાઘેલાને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે** અને તેઓને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ

છે કે તા.૨૨/૦૮/૨૦૨૫ ના રોજ એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા ખાતે આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે હાજર હતા ત્યારે આ કામના ભોગ બનનારની વધુ શારીરીક તપાસણી માટે પોલીસ યાદી સાથે વુમન કોન્સટેબલ બંસીબેન ભટ્ટ બ.નં.૫૯૧ નાઓ સાથે તેમની સમક્ષ લાવવામાં આવેલ. તેઓ ધ્વારા વધુમાં જણાવેલ છે કે ભોગ બનનારની શારીરીક ચકાસણી કરતા પહેલા તેણીની સંમતિ લીધેલ અને તે બાબતે ભોગ બનનારના ડાબા હાથના અંગુઠાનું નિશાન મેળવેલ અને ત્યાર બાદ ભોગ બનનારના ઓળખના ચિહ્નો નોંધી, તેણીએ આપેલ હિસ્ટ્રી નોંધેલ અને ત્યાર બાદ તેણીની શારીરીક તપાસણી કરતા તેણીને બાહ્ય કે ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા તેમજ ભોગ બનનારના ગુપ્ત ભાગે તપાસ કરતા હાઈમન ટોર્ન હતુ તથા ભોગ બનનારની સોનોગ્રાફી કરાવતા તે પોઝીટીવ હતો અને તેણીને ૧૬ અઠવાડીયાનો જીવીત ગર્ભ હતો. વધુમાં તેણી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેમના અભિપ્રાય મુજબ જોરજબરજસ્તીના કોઈ નિશાન જણાય આવેલ નહિ તથા તેણીને ૧૬ અઠવાડીયાનો જીવીત ગર્ભ હતો અને તા. ૨૩/૮/૨૦૨૫ ના રોજ તેણીનું જાતે ગર્ભપાત થયેલ અને ગર્ભનું વજન ૧૦૦ ગ્રામ જેટલું હતું. વધુમાં તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ભોગ બનનારની શારીરીક તપાસણી માટેની યાદી આંક–૧૪ થી તેમજ ભોગ બનનારનું એમ.એલ.સી. સર્ટી. આંક–૧૫ થી તેમજ રીફર સ્લીપ આંક–૧૬ થી, ભોગ બનનારના કેસ પેપર્સ આંક–૧૭, ૧૮ થી તેમજ ભોગ બનનારનો સોનોગ્રાફી રીપોર્ટ આંક–૧૯ થી તથા ફેટલ થયાની ચિઠ્ઠી આંક–૨૦ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ભોગ

બનનારને તેમની સમક્ષ લાવવામાં આવેલ ત્યારે ભોગ બનનાર સ્વસ્થ અવસ્થામાં હતા. આ સીવાય વિશેષ કોઈ હકીકત ડોકટર સાહેદના પુરાવાથી બહાર આવેલ નથી.

(૧૩) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.પ થી ડો.સંકેત જયંતકુમાર સેવકને આંક –૨૫ થી તપાસવામાં આવેલ છે** અને તેઓને તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૨૧ /૮/૨૦૨૫ ના રોજ એસ.એસ. હોસ્પીટલ, પેટલાદ ખાતે તેઓ મેડીકલ ઓફીસર તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે આ કામના ભોગ બનનારની શારીરીક તપાસણી માટે સાંજે આઠ વાગે પી.આઈ.શ્રી એ.વી.પરમાર, પેટલાદ ટાઉન પો.સ્ટે. નાઓની યાદી સાથે વુમન કોન્સટેબલ બંસીબેન લાલજીભાઈ બ.નં.પ૯ નાઓ સાથે તેમની સમક્ષ લાવવામાં આવેલ, જે યાદી આંક–૨૬ થી રજુ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે ભોગ બનનારની શારીરીક ચકાસણી કરતા પહેલા તેણીની સંમતિ લીધેલ અને તે બાબતે ભોગ બનનારની સહી મેળવેલ અને ત્યાર બાદ ભોગ બનનારના ઓળખના ચિહ્નો નોંધી, તેણીએ આપેલ હિસ્ટ્રી નોંધેલ અને ત્યાર બાદ તેણીની શારીરીક તપાસણી કરતા તેણીને બાહય કે આંતરીક/ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન ન હતા તેમજ ભોગ બનનારની વધુ શારીરીક તપાસણી માટે એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા ખાતે રીફર કરેલ. વધુમાં તેણી સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ ધ્વારા ભોગ બનનારની શારીરીક તપાસણી દરમ્યાન નિયમ મુજબના નમુના લઈ એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ. વધુમાં તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૬ થી ભોગ બનનારની શારીરીક તપાસણી કરવા માટેની યાદી, આંક–૨૭ થી ભોગ બનનારનું મેડીકલ સર્ટી. તથા રીફર મેમો, આંક–૨૮ થી ભોગ બનનારના

નમુના તેમજ રીફર પત્ર અંગે ટેલીફોન વર્ધીનો ફોરવર્ડીંગ લેટર, આંક–૨૯ થી આરોપીનો બોર્નએજ રીપોર્ટ, આંક–૩૦ થી રીફર મેમો, આંક–૩૧ થી આરોપીનો એકસ–રે રીપોર્ટ, આંક–૩૨ થી આરોપીના કેસ પેપર્સ, આંક–૩૩ થી આરોપીનો ઓસીફીકેશનનો રીપોર્ટ રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમણે ગાયનેકનો અભ્યાસ કરેલ નથી ભોગ બનનારને ગાયનેક તપાસ માટે એસ.એસ.જી. હોસ્પીટલ, વડોદરા ખાતે રીફર કરેલ. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેમણે આરોપીનો કોઈ ઓથીફીકેશન ટેસ્ટ કરેલ નથી તથા ભોગ બનનાર શરીર ઉપર બાહય કે આં તરીક કોઈ ઈજાના નિશાન જણાય આવેલ નહિ.

આમ ડોકટરશ્રીના પુરાવા ધ્યાને લેતા ભોગ બનનારના શરીર પર કોઈ આંતરીક કે બાહય ભાગ પર કોઈ ઈજાના કે બળજબરીના કોઈ નિશાન જણાયેલા ન હોવાની તેમજ ભોગ બનનારને ૧૬ અઠવાડીયાનો જીવીત ગર્ભ હતો તથા તા.૨૩/૮/૨૦૨૫ ના રોજ તેનું જાતે ગર્ભપાત થયેલ હોવાની હકીકત ફલીત થાય છે.

**પોલીસ સાહેદના પુરાવા :–**

(૧૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૬ થી પોલીસ સાહેદ/ત.ક.અમલદાર અશોકભાઈ વાલજીભાઈ પરમારને આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે** અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૨૧/૮/૨૦૨૫ ના રોજ તેઓ પેટલાદ ટાઉન પો.સ્ટે. ખાતે પોતાની ફરજ ઉપર હાજર હતા ત્યારે ફરીયાદી તેઓના સમક્ષ હાજર થયેલ અને ફરીયાદ હકીકત જાહેર કરતા

તેઓના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લીધેલ અને સદર ફરીયાદી અનુસંધાને પેટલાદ ટાઉન પો.સ્ટે. માં ગુનો રજીસ્ટરે દાખલ કરેલ અને તે અંગેની સ્ટેશન ડાયરીમાં ટુંકમાં નોંધ કરેલ, જે સ્ટેશન ડાયરીની ઓનલાઈન નકલ આંક–૩૯ થી રજુ કરેલ છે. સદર ગુનાની આગળની તપાસ તેઓએ જાતે સંભાળી લીધેલ અને તપાસ સંભાળ્યા બાદ લાગતા વળગતા સાહેદોના તથા ભોગ બનનારનું નિવેદન તેઓના લખાવ્યા મુજબ લખી લીધેલ. વધુમાં જણાવે છે કે ભોગ બનનાર ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય પંચો રૂબરૂ પંચો સાથે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેમજ ભોગ બનનાર તથા આરોપીના કપડા પંચો રૂબરૂ વિગતવારનું પં ચનામું કરી કબજે લીધેલ તેમજ ત્યાર બાદ ભોગ બનનારનું બી.એન.એસ.એસ. ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા માટેની કાર્યવાહી કરેલ તથા આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. વધુમાં તેઓએ પોતાની જુબાનીમાં તેમણે ગુના સંબધેની તપાસ દરમ્યાન કરવામાં આવેલ કાર્યવાહીના દસ્તાવેજી પુરાવા આંક–૪૦ થી આંક–૬૨ સુધી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે તેઓ આરોપીને ઓળખે છે.

તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરીયાદ તેમના રૂબરૂ લેવામાં આવેલ છે તથા તપાસ પણ તેમણે કરેલ છે. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ગુનાવાળી જગ્યાએથી કોઈ સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી તથા આરોપીની અટક કરતા પહેલા ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. આ સીવાય વિશેષ કોઈ હકીકત સદર પોલીસ સાહેદના પુરાવાથી બહાર આવેલ નથી.

**અન્ય દસ્તાવેજી પુરાવા :–**

(૧૫) વધુમાં સદર કામે બચાવપક્ષની સંમતીથી આંક–૩૫ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું, આંક–૩૬ થી ભોગ બનનારની શરીર સ્થિતીનું પંચનામું તથા આંક–૩૭ થી આરોપીની શરીર સ્થિતીનું પંચનામું રજુ થયેલ છે પરંતુ સદર પંચાનામા સંબધેના કોઈ પંચ સાહેદોના પુરાવા રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ભોગ બનનારને પોતાના આંક –૨૩ વાળા પુરાવામાં તેણીએ પોલીસને કોઈ જગ્યા બતાવેલ ન હોવાની તથા તેણીએ કોઈ કપડા રજુ કરેલ ન હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં આ કામે ફરીયાદી એટલે કે ભોગ બનનારના માતા અને ભોગ બનનાર નાઓએ જે સોગંદ ઉપર પુરાવો આપેલ છે, તે પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસના હકીકતોને સમર્થન પ્રાપ્ત થયેલ ન હોવાથી સદર દસ્તાવેજી પુરાવા થકી આરોપીને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**પુરાવાનું પુન:મુલ્યાંકન :–**

(૧૬) આમ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતાં ફલીત થાય છે કે ભોગ બનનારે આક્ષેપીત તહોમતના સમર્થનમાં લેશમાત્ર પુરાવો આપેલ નથી. ભોગ બનનાર હોસ્ટાઈલ જાહેર થયેલ છે, ભોગબનનારના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે તેણીએ ડોકટર સાહેબશ્રીને કોઈ હિસ્ટ્રી આપેલ ન હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ભોગ બનનારે ઉલટ તપાસમાં આરોપીએ તેણી સાથે કોઈ શારીરીક સંબધ બાંધેલ ન હોવાની તથા તેની સાથે કોઈ જબરજસ્તી કરેલ ન હોવાની તથા ધમકી આપેલ ન હોવાની હકીકત જણાવેલ છે. જે સમગ્ર પુરાવો ધ્યાને લેતા ભોગ બનનારે પણ ફરીયાદ હકીકતોને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં આ કામે આંક – ૬૧ થી ડી.એન.એ. રીપોર્ટ રજુ થયેલ છે. જે વંચાણે લઈએ તો ''Autosomal DNA profile of Akash bhai Lalabhai Devipujak

(Source of Exhibit-1 Blood in EDTA) is **excluded as bilogical father** of a Fetus with Placenta ( Source of Exhibit - 1-3) of connencted case number -25/DNA/436'' આમ ભોગબનનારને રહેલ ગર્ભના બાયોલોજીકલ પિતા આ કામના આરોપી ન હોવાનુ આંક – ૬૧ ના ડી.એન.એ. રીપોર્ટ થકી ફલીત થાય છે. જેથી તહોમતનામાને સમર્થન કારક પુરાવો રેકર્ડ ઉપર ન આવેલ હોવાનુ જણાઈ આવે છે.

(૧૭) વધુમાં ફરીયાદ એટલે કે ભોગ બનનારના માતાનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમની ભોગ બનનાર દિકરી તેમના માતાના ઘરે ઉત્તરાયણ કરવા ગયેલ હતી ત્યારે ઉપરોકત કહેવાતો બનાવ બનેલ હોવાની હકીકત તેઓને ભોગ બનનાર દિકરીએ જણાવેલ હતો અને તે બાબતે તેમણે પોલીસમાં ફરીયાદ આપેલ હતી પરંતુ ભોગ બનનારે પોતાના આંક–૨૩ ના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ ફરીયાદીએ ઉલટ તપાસમાં ફરીયાદમાં પોલીસે શું લખેલ તે તેઓને વાંચી સંભળાવેલ નથી તથા તેઓએ પોલીસના કહેવાથી ફરીયાદમાં અંગુઠાનું નિશાન કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા પણ આંક–૨૨ થી રજુ થયેલ ફરીયાદ હકીકત મુજબનો આક્ષેપીત ગુનો આરોપીએ કરેલાની લેશમાત્ર હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

(૧૮) સદર કામે ડોકટરશ્રીના પુરાવા ધ્યાને લેતા પણ તેઓની તપાસ દરમ્યાન ભોગ બનનાર ના શરીર ઉપર કોઈ આંતરીક કે બાહય ભાગ ઉપર કોઈ ઈજાના કે બળજબરીના નિશાન જણાય આવેલ ન હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

(૧૯) આમ રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીએ તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૧૭/૦૮/૨૦૨૫ દરમ્યાન મોજે પેટલાદ, સરકારી દવાખાના પાછળ, સરકારી આવાસમાં તથા આવાસના અગાસી ઉપર આ કામના ફરીયાદીશ્રીની સગીર વયની ભોગ બનનાર દિકરી કે જેની ઉંમર ૧૩ વર્ષ ૦૮ મહિના ૧૧ દિવસ (જન્મ તારીખ ૧૦/૧૨/૨૦૧૧ ) છે, તેણીની મરજી વિરુધ્ધ બળજબરીથી વારંવાર શરીર સંભોગ કરી બળાત્કાર કરી ગર્ભવતી બનાવી ગંભીર ગુનો કરીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ-૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબનો ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ, મુદદા નં.૨ નો જવાબ " **નકારમાં** " આપવામાં આવે છે.

(૨૦) વધુમાં સદર કામે ભોગ બનનાર હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ભોગ બનનારનો પુરાવો સંપુર્ણપણે વિશ્ર્વસનીય, આધારભુત જણાતો ન હોય તેમજ ભોગ બનનારને કોઈ શારીરીક ઈજાઓ થયેલ ન હોય ભોગ બનનારને કોઈ આખરી સ્વરૂપેની વળતરની રકમ અપાવવી ન્યાયોચિત જણાય આવતું ન હોવાથી મુદદા નં.૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>-// આ ખ રી હુ ક મ //-</u>**

(૧) આ કામના આરોપી આકાશ લાલાભાઈ દેવીપુજક (વાઘરી), રહે.પેટલાદ, સરકારી હાઉસીંગ મકાન, તા.પેટલાદ, જી.આણંદ તથા હાલ રહે.જામનગર, નાનકપુરી, તા.જી.જામનગર નાઓને **પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૫૦૪૪૨/૨૦૨૫** થી **ભારતીય**

**નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૬૫(૧), ૬૪(૨)એમ તથા પોકસો એકટની કલમ–૪(૨), ૫(જે)(૨), ૫(એલ)** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા.

(૩) આ કામના આરોપીએ પોતાના સરનામા, કોન્ટેકટ નંબર સાથે દિન–૭ માં સોગંદનામા ઉપર રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદદામાલનો બી.એન.એસ.એસ ની કલમ–૪૯૮ અન્વયે અપીલ સમય પુરો થયેથી ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈઓ અનુસાર નિકાલ કરવો અને અપીલ થાય તો નામદાર અપીલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

(૫) આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને આજરોજ પોલીસ ધ્વારા જાપ્તાથી રજુ રાખેલ ન હોય આરોપીને જેલ મુકત કરવા યાદી કરવી.

આ હુકમ આજ રોજ તારીખ–૦૬, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ–૦૬/૦૩/૨૦૨૬ **(ઝંખના વી. ત્રિવેદી)**

સ્થળ–પેટલાદ. સ્પેશ્યલ જજ અને અધિક સેશન્સ જજ,પેટલાદ

**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*